શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

જુલાઈ-૨૦૨૪





શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જુલાઈ, ૨૦૨૪




ચંદનના વાઘામાં શોભતા વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ







: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ જેઠ વદ-૩૦, તા.૦૫/૦૭/૨૦૨૪ શુક્રવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


# અનુક્રમણિકા


3 મોટાની આવશ્યકતા
- પ.પૂ.શ્રીગુરુજી

4 કરો હરિસ્મરણ, સુધરી જાશે મરણ
- પ.પૂ.શ્રીગુરુજી

6 આમાં આપણો નંબર કયો ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 વાસ્તવિકતા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 ગંદો ટોપલો...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 ગુરુભક્ત ઉપમન્યુ
- સાધુ પ્રસન્નવદનદાસ

12 કર્તૃત્વની કેરી
- સાધુ સંકીર્તનદાસ

14 પરિસ્થિતિ સાથે સમાધાન...
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

16 ચંદન વાઘા દર્શન


## સત્સંગ સુધા

મહા સમરથ શ્રીહરિરાય, તે તો જેમ કરે તેમ થાય;
લોહીનું દૂધ માતાના સ્તનમાં, એની ઈચ્છાથી થાય ભુવનમાં.

હરિ ઈચ્છા કરે મનમાંય, અતિ ઝેરનું અમૃત થાય;
એવી છે તેની ઈશ્વરતાઈ, નથી તે માંહી કાંઈ નવાઈ.

કાવ્યકૃપા

# મોટાની આવશ્યકતા



મોટાની સલાહ વિના, જીવન અધૂરું જણાય;
મોટાની ટોકણીથી જ, જ્ઞાન સુઘડતર થાય...૦૧

મોટા કહે તેમ કરવું, તેમાં છે હિત અપાર;
જ્ઞાન મનનું કહ્યું કરતાં, દુ:ખનો નથી પાર...૦૨

વાઇડાઇ કમ કરવામાં, સાચી મજા છે જ્ઞાન;
મોટા કહે તેમ કરે તે, વ્યક્તિ બને છે મહાન...૦૩

અનુભવીનો અનુભવ તો, બહુ કામ લાગે જ્ઞાન;
આપ ડાપણે રાચે તે, થાય છે બહુ હેરાન...૦૪

શંકા કરી બરબાદ થવું, એના કરતાં જ્ઞાન;
વિશ્વાસથી બરબાદ થવું, એ છે વાત મહાન...૦૫

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ


કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# કરો હરિસ્મરણ, સુધરી જાશે મરણ

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ





વહાલા ભક્તો, ઝમરાળાના એક ગૃહસ્થ હરિભક્ત મૂળજીભાઈના હૃદયમાંથી આ પદની સરવાણી ફૂટી છે. જે આખો સત્સંગ ગાય છે.

**રૂડું સ્વામિનારાયણ નામ નિત્ય સંભારીએ રે;**
**વળી કરતાં ઘરનું કામ ઘડી ના વિસારીયે રે;**

આપણે બધા ભગવાનને પામવા, ભગવાનમાં જામવા માટે નીકળ્યા છીએ; તો આ **ભગવત્પ્રાપ્તિ ઇચ્છુક જે કોઈ મુમુક્ષુ હોય એને માટે ભગવત્સ્મરણ એ જ ઉત્તમમાં ઉત્તમ, સહેલામાં સહેલો ઉપાય છે.** આ વાત નવીન નથી.

આજ દિન સુધી ધરતી ઉપર પ્રગટ થયેલા દરેક મોટા પુરુષો યુગોના યુગોથી આ જ વાત કહેતા આવ્યા છે કે, સ્મરણ કરો. **કરો હરિસ્મરણ તો સુધરી જાશે મરણ.**

મહર્ષિ વેદવ્યાસ રચિત નારદ પુરાણના પૂર્વાર્ધ પાદ અધ્યાય-૪૧માં વાત આવે છે કે, અઠ્ઠયાસી હજાર ઋષિમુનિઓ નૈમિષારણ્યમાં બહુ લાંબું સત્ર ગોઠવીને ભગવદ્આરાધન અને કથાશ્રવણમાં તલ્લીન થયા હતા. તે સમયે નારદજીને ચારેય યુગોના ધર્મની વાત કરતાં કરતાં વચમાં સુત પુરાણી એક એવી વાત બોલી ગયા કે, એ વાત આજ આખા વિશ્વમાં પંકાઈ ગઈ છે. દરેક સંપ્રદાયવાળાએ એ વાત પકડી લીધી છે. કઈ તે વાત ? તો,

**हरेर्नामैव नामैव नामैव मम जीवनम् ।**
**कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ।।११६।।**

અર્થ : ભગવાનનું નામ જ, નામ જ, નામ જ મારું જીવન છે. કળિયુગમાં મોક્ષનો ઉપાય બીજો કોઈ નથી જ, નથી જ, નથી જ. જીવની બીજી કોઈ ગતિ જ નથી.

ભગવાન વ્યાસે આ વાત કરી છે કે, કળિયુગમાં નામ સ્મરણ સિવાય બીજી ગતિ જ નથી ને પ્રભુ પામ્યાનો નામ સિવાય કોઈ બીજો રસ્તો જ નથી.

મહર્ષિ વેદવ્યાસ રચિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણના બારમા સ્કંધના અધ્યાય-૩માં ૫૧મો શ્લોક છે. તેમાં કળિયુગના ધર્મો અને કળિયુગના દોષોથી બચવાની વાતો કહેતાં કહેતાં શુકદેવજી મહારાજે પરીક્ષિતને એમ કહી દીધું કે,

**कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः ।**

કળિયુગ તો દોષની ખાણ છે, દોષોનો ભંડાર છે.

**ह्येको महान् गुणः ।**

પરંતુ એ કળિયુગમાં હે પરીક્ષિત, એક મોટામાં મોટો ગુણ રહેલો છે-

**कीर्त्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ।।५१।।**

કદાચ આપણે ઉગ્ર તપસ્યા ન કરી શકીએ, મોટા મોટા યજ્ઞ-યાગાદી, પાઠ વગેરે ન કરી શકીએ, પગપાળા ચાલીને ચારેય ધામની યાત્રા ન કરી શકીએ; પણ જો કોઈ પરમાત્માનું કીર્તન કર્યા કરે, ભજન-સ્મરણ કર્યા કરે તો, એટલામાત્રથી જ તમામ બંધનોથી પર થઈ, તમામ દોષોથી છૂટા થઈ જશે. એટલું જ નહિ **परं व्रजेत् ।** પરમ કૃપાળુ પરમાત્માના ધામમાં ભગવાનને પામી જશે ! આ કળિયુગનો આવો એક મોટો ગુણ છે.

આવો મનુષ્યદેહ મળ્યો છે, ભગવાન સ્વામિનારાયણે આવો સત્સંગ આપ્યો, આવા ભક્તો આપ્યા, આવા સંતો આપ્યા, આવો માહોલ આપ્યો, તો ભજન કરો. આવું ભજનનું ટાણું પછી નહિ મળે.

**સજની ટાણું આવ્યું રે, ભવજળ તરવાનું રે;**
**ફેર ફેર નહિ મળે એવું, વીજના ઝબકારા જેવું;**
**મોતી પરોવી લેવું.....સત્સંગ કીજીયે.**

બધાય મોટા પુરુષો આપણને આમ જ કહે છે, તોપણ આપણે માયાની પાછળ ગાંડા થયા છીએ. આ લોકમાં ડંકો વગાડી દેવો છે, બધાને દેખાડી દેવું છે, આપણો વટ રહેવો જોઈએ. આમ આ લોકનું તાન ચડ્યું છે, એવું ભગવાન ભજવાનું ચડતું નથી.

ભગવાન સ્વામિનારાયણે વચ.મ.૪૭માં એવું કહ્યું કે, “શિશ્ન અને ઉદરને વિશે જે આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે.”

**કામવાસના અને રસાસ્વાદ ભગવાન ભુલાડે છે, ભગવાનમાં થતી પ્રીતિનો નાશ કરે છે, ભક્તિને ખાઈ જાય છે. કળિયુગના આ બે બહુ ભયંકર દોષ છે.**

સારું સારું બનાવીને ખાધા કરીએ, વિષય ભોગવ્યા કરીએ તો હેત બધું તેમાં વહી જાય. પછી ભગવાનમાં હેત ક્યાંથી થાય ? આપણે એ બેથી જેટલા સાવધાન રહીએ, એમાં જેટલા ઓછા ફસાઈએ, જેટલા ઓછા લેવાઈએ; એટલા અખંડ ભગવાનમાં જોડાયેલા રહીએ.

ભગવાન સ્વામિનારાયણે વચ.સા.૨માં એમ કહ્યું કે, જેને ભગવાનને પામવું હોય તેણે બે ઇન્દ્રિયોને બરાબર કાબૂ રાખવી. એક આંખ અને બીજા કાન. આંખ દૂર દૂર સુધી જોઈ શકે અને કાન દૂર થતી વાતને સાંભળી શકે. એટલે એને બરાબર કંટ્રોલમાં રાખવાનું કહ્યું.

આજના આ આધુનિક યુગમાં ચોંકાવનારી બાબત ઇન્ટરનેટ - મોબાઇલ છે. ભગવાન સ્વામિનારાયણે જે બે ઇન્દ્રિયોને વર્ષો પહેલાં કાબૂ રાખવાની કહી હતી, એ બે ઇન્દ્રિયો જ વધારે ફાલે-ફૂલે, ગાંડી થાય; એવું એમાંથી બધાને સહજતયા, પોતાના ખિસ્સામાં જ પ્રાપ્ત છે. બધા રાત્રે-દિવસે-સવારે, જ્યારે મન થાય ત્યારે રૂપ અને શબ્દના વિષય ભોગવી શકે છે. માટે નેત્ર અને શ્રોત્ર ઉપર બરાબર કાબૂ રાખજો; નહિતર કોઈ દી પૂજા, ભજન કે સરખી માનસી નહિ થાય, ક્યારેય ભગવાનમાં રસતરબતર થઈને ધ્યાન નહિ થાય.

આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃત સાગરના પૂર ૨૮ના તરંગ ૮૭માં એક અદ્‌ભુત વાત આવે છે.

**कलिजुग तामें प्रगट हरि केरा,**
**नाम स्मरण कीर्तन वेर वेरा;**
**चित्त प्रोई उचरत जो तिनके,**
**उद्धार होत ततखेव इनके...१७**

મહારાજે સુંદરિયાણામાં વનાશેઠ વગેરે ભક્તોને કહ્યું, ‘કળિયુગમાં પ્રગટ શ્રીહરિમાં ચિત્ત પરોવીને તેમનું નામ-સ્મરણ તથા કીર્તન વારંવાર કરવામાં આવે તો તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે !’

**कीर्तन उचरत रहत हि तामें,**
**हरि कु प्रसन्न करन हि यामें;**
**चित रखत दृढ प्रेम समेता,**
**उद्धार होत ताके तेता...१८**

જે મનુષ્ય ભગવાનને રાજી કરવા માટે તેમનાં કીર્તન બોલે છે અને દૃઢ પ્રેમે સહિત પરમાત્માના સ્વરૂપમાં ચિત્ત રાખે છે, તો તેનો ઉદ્ધાર થઈ જાય છે. **જે સતત ભગવાનનું નામ સ્મરણ કરે એ જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.** ●●●



# આમાં આપણો નંબર કયો ?



લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ વિશ્વમાં અસંખ્ય આત્માઓ છે. તે દરેકનાં કર્મસંસ્કાર, રુચિ, વાસના અને માન્યતા અલગ-અલગ હોય છે. જેઓ જીવના હજાર-હજાર જન્મને સાક્ષાત્ જોઈ શકતા હતા તેવા અનાદિસિદ્ધ સંત શ્રીગોપાળાનંદ સ્વામીએ તે સર્વે જીવોના મુખ્ય ૪ પ્રકાર દર્શાવ્યા છે - (૧) પામર (૨) વિષયી (૩) મુમુક્ષુ (૪) મુક્ત

## પામર જીવનાં લક્ષણ :

જેને આ કરવાથી પાપ થશે કે પુણ્ય થાશે એવી કોઈ વિક્તિ ન હોય. આમ રહેવાથી મારું હિત કે અહિત થાશે એવી કોઈ ભાન ન હોય. જે સત્ય-અસત્ય, ન્યાય-અન્યાય કે સાર-અસારનો વિભાગ વિચારી ન શકે અને કેવળ ખાવું-પીવું, હરવું-ફરવું વગેરે વિષય ભોગવવામાં જ આસક્ત રહેતા હોય; આવી જેની વિચારધારા પશુ તુલ્ય હોય, તેને પામર જીવ કહેવાય.

આ દુનિયામાં આવા પામરકોટિના જીવોને ભગવાને મનુષ્યદેહ આપ્યો હોય તોપણ તેને પોતાનો પરલોક સુધારવાનો વિચાર જ નથી હોતો. તે એવું બોલ્યા કરતા હોય છે કે, લાઇફ મળી છે તે એન્જોય કરવા માટે જ છે. તેઓ જેટલું મનમાન્યું જીવન જીવાય તેટલું સુખ અને બીજું દુઃખ માને છે. આવા પ્રકારના આત્માઓ જે કોઈ હોય તેને શાસ્ત્રો પામર કહે છે.

## વિષયીનાં લક્ષણ :

વિષયી જીવની હરેક પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિષયપ્રાપ્તિ હોય છે. વિષયી જીવ પાપ, શાપ, અપરાધ વગેરેથી ડરે છે ખરા; પણ વિષયસુખ ટળી ન જાય એવા ભયથી. તે દાન દે પણ તેનું અનંતગણું પાછું મળે તે માટે. તે તેના પરિવારને પ્રભુ કે સંતનો રાજીપો મળે એવું ખાસ શીખવે પણ આ લોક-પરલોકે સુખી કરવા માટે. તે વિષયી જીવ આસ્તિક હોય છે, એટલે તેને શાસ્ત્રો કે સંતોની વાત સાચી મનાય છે, પણ જેનાથી લૌકિક સુખ-સુવિધા પ્રાપ્ત થઈ શકે એવી વાત તેને સૌથી વધુ ગમે છે અને તેવી બાબતોનો તરત અમલ કરે છે. તે એવું સાંભળે કે પૂનમ ભરવાથી આ સંકલ્પ સિદ્ધ થાશે કે આવું કરવાથી ધન, સ્ત્રી, પુત્ર વગેરેમાં લાભ થાશે, તો તે વાતનો અમલ કરવાની તેને અંતરથી ઇચ્છા થાય છે. જે સેવા, વ્રત, જપ-તપ કે આશીર્વાદથી આ લોકમાં અને મર્યા પછીય સુખી-સુખી થઈ શકાય તેવી વાત તેને તરત ગમી જાય. આવા પ્રકારના જીવોને વિષયી કહ્યા છે.

ઉપરનાં લક્ષણો આપણામાં કેટલાંક મળતાં આવે છે ? તેટલા આપણે પણ ભગવાનના જ નહિ પણ વિષયના ભક્ત છીએ. એવા પામર કે વિષયી જીવોનો મોક્ષ થાતો નથી.

## મુમુક્ષુનાં લક્ષણ :

જેને પાણવીના પૂંજા ડોડિયાની જેમ પ્રભુને પામવાની તીવ્ર ઇચ્છા રહ્યા કરતી હોય. તે માટે જેને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત એકાંતિકી

ભક્તિને દૃઢ કરવાની શ્રદ્ધા બહુ સારી હોય, જે જીવ એકાંતિક સંતને ઓળખે તથા તેને સોંપાઈને તેની મરજી મુજબ વર્તે, જીવનમાં જે કાંઈ કરે તે બધું શ્રીહરિ તથા સંતો-ભક્તોને રાજી કરવા માટે જ કરે, પણ બીજા કોઈ વળતરની જેને ઇચ્છા ન હોય તેને મુમુક્ષુ જીવ કહેવાય.

આ બાબતમાં આપણું કેમ છે ? આપણે શ્રીહરિ તથા સંતો-ભક્તોની સેવા, સમાગમ તથા પ્રસન્નતા પ્રાપ્ત કરીને વિષય કમાવાનો વ્યાપાર તો નથી કરતા ને ? નહિ તો આવો શ્રેષ્ઠ યોગ મળવા છતાં બહુ મોટી ભૂલ રહી ગઈ ગણાશે. કારણ કે સકામ ભાવનાથી સત્સંગ કરવો એનો અર્થ છે સોનું દેવું અને ડુંગળી લેવી. ડુંગળી ગમે તેટલી ઝાઝી કે સારી હોય તોપણ તેની વેલ્યુ શું ? તેમ ધન, માન, ખાન-પાન વગેરે ગમે તેટલું ઝાઝું અને સારું મળે તોપણ પુરુષોત્તમ નારાયણની અપેક્ષાએ તે તુચ્છ અને નાશવંત છે. તેને ભોગવ્યા કરવાથી જીવને વાસના વધે, પાપકર્મ વળગે અને ભૂતયોનિ કે નરક-ચોરાશી જેવી અધોગતિ પ્રાપ્ત થાય છે. માટે સુજ્ઞ સંતો-ભક્તોએ આવો ખોટનો ધંધો ન કરતાં પ્રભુને પ્રસન્ન કરવા તથા પામવા માટે પાક્કા મુમુક્ષુ બનવું જોઈએ.

**જો આપણે પણ એવા સમર્થ મુક્તને યથાર્થ ઓળખી મન–કર્મ–વચને સેવી લઈશું તો આપણે પણ આ જ જન્મે મહામુક્ત બની જઈશું.**

## મુક્તનાં લક્ષણ :

આ જગતમાં રહેવા છતાં જેને જગતનો કોઈ જ કુસંગ-પાશ લાગે નહીં. સમાજના સત્તાધીશ કે સેલીબ્રિટી એ કોઈની મહોબતમાં લેવાય નહીં. બીજા કોઈ તેમને ન બગાડી શકે એટલું જ નહિ પણ પોતાનાં તન-મન-વિષય વગેરેના પેચમાં પણ આવે જ નહીં. એ સર્વેને શ્રીહરિની આજ્ઞા-મરજી મુજબ જ વર્તાવે. પોતે તો નિર્બંધ થકા અખંડ પ્રભુપરાયણ વર્તે પણ તેમના સગાં-સ્નેહી કે શિષ્યો હોય તે સહુને પણ નિર્બંધ કરી પ્રભુ પામવાના પાત્ર બનાવી દે, એવા સમર્થ સત્પુરુષને મુક્ત કે મહામુક્ત કહેવાય.

આપણા આદિગુરુ ગોપાળાનંદ સ્વામી ૭૧ વર્ષ આ લોકમાં રહ્યા. તેઓ જે સંકલ્પ કરે તે બધું જ થાય, એવી તેમનામાં સામર્થી હતી. હજારો સંતો-હરિભક્તોના હૈયાના હાર ગણાતા છતાં સતત પ્રભુમય જ રહ્યા. એટલું જ નહિ પણ અનેકને પ્રભુપરાયણ મહામુક્ત બનાવી દીધા. એવી જ રીતે મૂળજી બ્રહ્મચારી, મોટીબા અને પર્વતભાઈ જેવા હોય તેને મુક્ત કહેવાય. હાલમાં પણ જે એવા સમર્થ સદ્‌ગુરુ હોય તેને મુક્ત કહેવાય.

જો આપણે પામર તથા વિષયીમાંથી પ્રમોશન મેળવી મુમુક્ષુ બનવું હોય તો જે એવા મહામુમુક્ષુ તથા મુક્ત હોય તેનો મન-કર્મ-વચને પ્રસંગ રાખવો જોઈએ. તેમને સેવી-સેવીને અતિ રાજી કરવા જોઈએ.

જેમ બોટાદના શિવલાલભાઈને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીમાં એવી નિષ્ઠા થઈ ગઈ તો તે પણ બહુ નાની ઉંમરમાં મહામુક્ત બની ગયા. આપણા મંડળના અ.નિ.શ્રીભજનપ્રકાશ સ્વામીએ અને નવાગામ-હિંમતનગરવાળા અ.નિ.દિનેશભાઈએ આપણા ગુરુજીને અતિ શ્રદ્ધાપૂર્વક દિવ્યભાવથી સેવી લીધા તો ટૂંક સમયમાં મુક્ત બની ગયા.

જો આપણે પણ એવા સમર્થ મુક્તને યથાર્થ ઓળખી મન-કર્મ-વચને સેવી લઈશું તો આપણે પણ આ જ જન્મે મહામુક્ત બની જઈશું.

હે હરિવર ! મને એવો ખરો ખપ આપજો, તીવ્ર મુમુક્ષુતા પ્રદાન કરજો. આપને આ જ જન્મે પામી જવા જેમને જેમ સેવવા જોઈએ તેમને તેમ જ સેવી શકું એવી મારા પર કૃપા કરજો. ●●●



# વાસ્તવિકતા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક રાજ્યમાં બહુ મોટા રાજા રહેતા હતા. તેની નામના અને મહાનતા ચારેબાજુ ગૂંજતી રહેતી હતી. બધા તેમને બહુ મોટા અને મહાન માનતા હતા. તે સહુને ખૂબ મદદ કરતા હતા. સહુકોઈ તેમની મહાનતાને વખાણતા રહેતા.

મહારાજા રોજ રાજદરબારમાં પોતાના મંત્રીમંડળ સાથે કચેરી ભરીને બેસતા. રાજ્યના મોટા મોટા માણસો અવાર-નવાર કચેરીમાં આવતા અને મહારાજાની પ્રશંસા કરતા.

એકવાર તેમના મહેલમાં કચેરી ભરાઈને બેઠી હતી. તેમાં રાજા અને તેમના માણસો બેઠા હતા. રોજના ક્રમ પ્રમાણે સહુકોઈ ચર્ચામાં મશગૂલ હતા. તેવામાં એક સંત તે રાજાના મહેલમાં આવી ચડ્યા. સંતે સિપાઈને કહ્યું કે મારે કચેરીમાં જઈને મહારાજાને મળવું છે. રાજ્યમાં સાધુ-સંતોનો ખૂબ જ આદર રખાતો હતો. તેથી સિપાઈએ તે સંતને આદરપૂર્વક કચેરીમાં જવા દીધા. સંત તો સીધા રાજાની ભરાયેલી કચેરીમાં પહોંચી ગયા.

રાજા તો સંતને જોઈને પગે લાગ્યા અને તેમને આવકાર્યા અને ભાવથી પૂજન કર્યું. સંત રાજાને કહે, “તમે બહુ મોટા છો, મહાન છો.” આટલું બોલ્યા ત્યાં તો રાજા વચમાં બોલ્યા, “ના.. ના.. એવું ના હોય. હું કાંઈ નથી. હું તો માની છું, ક્રોધી છું, દંભી છું. અહંકારી છું.” ત્યાં સંત બોલ્યા, “ના..ના.. એવું ના હોય. આ બધા કહે છે કે તમે તો ખરેખર ખૂબ જ મહાન છો.” આ ચર્ચામાં રાજાને પેટમાં ગલગલિયાં થતાં હતાં. સંતને થયું કે કોઈક દિવસ આ રાજાની પરીક્ષા કરવી પડશે. રાજાએ તેમના માણસોને કહ્યું કે, “આ સંતને સારામાં સારું જમાડો અને ખૂબ જ દાન-દક્ષિણા આપો. તેમને જે કાંઈ જોઈતું હોય તેની વ્યવસ્થા કરો.” રાજાના હુકમ પ્રમાણે બધી જ વ્યવસ્થા કરવામાં આવી. સંત થોડા દિવસ રોકાઈને રજા લઈને ગયા.

અમુક દિવસો પછી એક દિવસ રાજા પોતાના મહેલના ઝરૂખામાં બેઠા હતા. ત્યાં બરાબર ઝરૂખાના નીચેથી પેલા સંત પસાર થયા. સંતે રાજાને જોઈને વિચાર કર્યો કે, “આજે રાજાની પરીક્ષા લઈ લેવી છે.” આમ વિચારે છે ત્યાં જ રાજાની અને સંતની ચાર આંખ ભેગી થઈ ગઈ. સંત જોરથી બોલ્યા કે, “એય..! માની. તું તો ક્રોધી છો, દંભી છો, અહંનું ઠૂંઠું છો.” આટલું સાંભળીને રાજાનો બાટલો ફાટ્યો. મગજ ગયો. મનમાં અતિશય ક્રોધ ભરાયો, પણ સામે સંત હતા એટલે કાંઈ બોલી શક્યા નહીં.

પોતાની જાતને પોતે નાની માની શકાય છે, પણ બીજા નાના માને તે સહન થતું નથી. જ્યારે પોતે પોતાને માની, ક્રોધી, દંભી, અહંકારી કહેતા હતા ત્યારે પેટમાં ગલગલિયાં થતાં હતાં અને એની એ જ વાત બીજાએ કરી તો આટલો બધો ક્રોધ કેમ આવ્યો ? તો પછી વાસ્તવિક શું ?

વહાલા ભક્તો ! આપણે પણ તપાસવું કે મારે કાંઈક આવું જ તો નથી ને..! વ્યક્તિ જ્યારે પોતે પોતાને વિષે સ્ટેટમેન્ટ આપે ત્યારે પોતાનું હલકું બોલી શકે છે, પણ એની એ જ વાત જો બીજા કોઈ કરે તો સહન થતું નથી. તો હવે આપણી વાસ્તવિકતા તપાસવી જોઈએ. ●●●



“પ્રેરક પ્રસંગ”

# ગંદો ટોપલો...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સંતો ગામડા વિચરણ કરતા એક ગામમાં થોડા દિવસ માટે સત્સંગ કથા-વાર્તા કરવા રોકાયા. મંદિરમાં રોજ સવાર-સાંજ કથા થતી. એકવાર સાંજે કથા ચાલતી હતી. સંત ભગવાનની વાતો કરતા હતા. બધા ભક્તોને ખૂબ આનંદ આવતો હતો, પરંતુ એક ભગત સાવ ઢીલા નિરુત્સાહ થઈને કથામાં બેઠેલા. કથા પૂરી થઈ એટલે સંતે તે ભગતને બોલાવ્યા ને કહ્યું : ‘કેમ સાવ ઢીલા જેવા દેખાવ છો ? કથામાં કંટાળો ચડે છે ?’

ભગતે નિખાલસપણે કહ્યું : ‘હા સ્વામી, તમે સરસ ભગવાનના મહિમાની વાતો કરો છો પણ મને કાંઈ સમજાતું નથી. કથાનો એકેય શબ્દ યાદ રહેતો નથી, એટલે કંટાળો બહુ ચડે છે.’

સંતે કહ્યું : ‘કાલે સવારે કથા પૂરી થાય પછી તમે રોકાજો. હું તમને કથામાં કંટાળો ન ચડે તેનો ઉપાય બતાવીશ.’ પછી બીજે દિવસે સવારે જ્યારે કથા પૂરી થઈ એટલે તે ભગત સંત પાસે આવ્યા ને કહ્યું : તમે મને એક વાત કરવાના હતા ને ?

સંતે કહ્યું : ‘હા, તમે સામે પેલી ગૌશાળા છે ત્યાંથી છાણ ભરવાનો એક ટોપલો લઈ આવો.’ એટલે ભગત ટોપલો લઈ આવ્યા. ટોપલો આખો છાણથી બગડેલો હતો. સંતે કહ્યું : ‘મંદિરની બાજુમાં પેલું પાણીનું તળાવ છે તેમાંથી આ ટોપલામાં પાણી ભરતા આવો.’ ભગતને મનમાં થયું કે આ વાંસના ટોપલામાં પાણી કેમ રહે ? પરંતુ સંતે કહ્યું એટલે તે પાણી ભરવા ગયા. પાણી ભરીને લાવ્યા તો ખરા, પણ સંત પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં તો બધું પાણી ટોપલામાંથી નીકળી ગયું હતું.

ભગતે ટોપલો સંત પાસે મૂકીને કહ્યું : ‘ટોપલામાં તે કાંઈ પાણી રહેતું હશે ?’ સંતે કહ્યું : ‘ફરીને ભરી આવો.’ સંતે કહ્યું એટલે ગયા પણ ફરીને એમ જ થયું; એમ વારંવાર પાણી લેવા મોકલ્યા, એટલે છેવટે ભગતે થાકીને કહ્યું, ‘સ્વામી ! આ ટોપલામાં પાણી તો કાંય રહેતું નથી ને મને શું કામ ખોટા ધક્કા ખવડાવો છો ?’

ત્યારે સંતે સરસ જવાબ આપ્યો, ‘ભગત ! ટોપલામાં પાણી ભલે ન રહ્યું, પરંતુ તે સાફ થયો કે નહિ ?’ ભગત કહે, ‘હા સ્વામી, ટોપલો સાવ સાફ થઈ ગયો.’

પછી સંતે તેને સમજાવતાં કહ્યું, ‘આ ટોપલો પહેલા કેવો ગંદો હતો ? પરંતુ વારંવાર તેમાં પાણી નાખવાથી કેવો સાફ થઈ ગયો ? તેમ તમને ભલે કથા યાદ ન રહે, પરંતુ વારંવાર કથાના શબ્દો કાન વડે અંદર જશે એટલે હૃદયમાં રહેલ કામ-ક્રોધાદિક જે ગંદકી, તે કથાના શબ્દરૂપી પાણીથી ધોવાઈ જશે અને હૃદય એકદમ નિર્મળ થઈ જશે; જેમ આ ગંદો ટોપલો સાફ થઈ ગયો તેમ. માટે કથાથી ક્યારેય કંટાળવું નહીં.”

સંતની આ વાત ભગતને ગળે ઊતરી ગઈ. પછી તો શ્રદ્ધા રાખી રોજ કથા સાંભળવા લાગ્યા. જેમ જેમ કથા સાંભળવા લાગ્યા તેમ તેમ તેનું અંતર સાફ થવા લાગ્યું.

વહાલા ભક્તો ! વહાલા મહારાજ અને પૂ.ગુરુજીની કૃપાથી આપણને દરરોજ કથા-વાર્તા સાંભળવાનો લાભ મળે છે. ભલે કથા યાદ ન રહે, કથામાં આવતા પ્રસંગો યાદ ન રહે, પરંતુ કથાના શબ્દો અંદર જશે તોપણ આપણામાં રહેલા અંત:શત્રુ સાફ થઈ જશે અને હૃદયરૂપી ટોપલો ચોખ્ખો થઈ જશે. પછી તે હૃદયમંદિરમાં શ્રીહરિજી પધારશે; માટે હિંમત હારવી નહિ, શ્રદ્ધા રાખી કથા સાંભળ્યા જ કરવી, પ્રભુ જરૂર કૃપા કરશે.




# ગુરુભક્ત ઉપમન્યુ

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વખત ધૌમ્ય ઋષિએ પોતાના શિષ્ય ઉપમન્યુને બોલાવીને આજ્ઞા કરીને કહ્યું કે, 'તું મારા આશ્રમની ગાયોને ઘણા જ પ્રેમથી નિપુણતાપૂર્વક વનમાં ઘાસ ચારવા માટે લઈ જા.' ગુરુનું વચન માથે ચઢાવીને ઉપમન્યુ ગાયો ચારવા લાગ્યો. તે ભિક્ષા માગીને જમતો હતો. ઘણા દિવસ પછી ગુરુએ બોલાવીને તેને પૂછ્યું, તું તારો દેહનિર્વાહ કેમ કરે છે ? જેમ હોય તેમ કહે.

ઉપમન્યુએ કહ્યું, ગુરુજી ! હું ભિક્ષા લઈ આવું છું અને આનંદથી મારું ગુજરાન કરું છું. ગુરુએ કહ્યું, મને આપ્યા વિના ભિક્ષા ખાઈ લેવી તે તારા માટે યોગ્ય નથી. પછી તો ઉપમન્યુ જેટલી ભિક્ષા લાવે તે ગુરુને આપી દે, અને ગુરુ બધી ભિક્ષા લઈ લેતા અને તેમાંથી તેને ખાવા માટે કાંઈ આપતા નહીં. તેથી ઉપમન્યુ ફરીવાર ભિક્ષા માગીને ખાતો. આ વાતની ગુરુને ખબર પડી. તેથી ધૌમ્ય ઋષિએ ફરીને ભિક્ષા માગવાનું બંધ કરાવ્યું. ત્યારબાદ ગુરુએ તેના શરીરને હૃષ્ટપુષ્ટ દેખીને પૂછ્યું, હવે તું તારું ગુજરાન કઈ રીતે કરે છે ?



ઉપમન્યુ કહે, ગાયનું દૂધ પીઉં છું. તેનાથી ગુજરાન ચાલે છે. ત્યારે ગુરુએ ગાયનું દૂધ પીવાની પણ બંધી કરાવી ને કહ્યું, ગાયનું દૂધ તેના વાછરડા માટે છે. પછી તો દૂધ ધાવતા વાછરડાના મોઢાનું ફીણ ખાઈને ઉપમન્યુ રહેવા લાગ્યો. તે ખબર પડ્યા પછી ગુરુએ તે ફીણ ખાવાનું પણ બંધ કરાવી દીધું. ઉપમન્યુ ભૂખથી અતિશય પીડાયો, તેથી તેણે આકડાનાં પાંદડાં ખાધાં. તેનાથી તે અંધ થઈ ગયો. અંધ થઈ ગયો, છતાં તે ગાયોને ચારવા જતો, છતાં ક્યારેય ગુરુનો દોષ બોલતો નહીં. ગુરુએ તેને જેમ જેમ ઘણું ભારે દુઃખ દીધું તેમ તેમ ઉપમન્યુ પોતાના ગુરુને હિતકારી અને કૃપાળુ માનતો રહ્યો.

અંધાપામાં પણ ગાયો ચારવા ગયેલો ઉપમન્યુ એક દિવસ કૂવામાં પડી ગયો. સાંજે ગાયો આશ્રમમાં આવી, પણ ઉપમન્યુ ગાયોની સાથે ન આવ્યો. ત્યારે ગુરુ એવું બોલ્યા કે, ગમાર શિષ્ય તો ભાગી ગયો જણાય છે. તેને કાંઈ મોક્ષનો ખપ નથી. હવે તેની શું શોધખોળ કરવી ? તે દેહાભિમાની હતો. તે આજ તરત દેખાઈ આવ્યું. હવે તે ફરીને અહીં આવીને રહે તોપણ તેનો વિશ્વાસ કઈ રીતે આવે ? તેવા સમયમાં કોઈએ

આવીને ગુરુ આગળ પોકારીને કહ્યું, આપનો શિષ્ય તો કૂવામાં પડ્યો છે અને 'ગુરુજી...ગુરુજી' એમ બોલ્યા કરે છે. ત્યારે ગુરુએ કહ્યું, તે શિષ્ય તો ગમાર(મૂર્ખ) છે. મારી સાથે રીસ કરીને કૂવામાં પડ્યો છે. તેનું શું ઠેકાણું ? ચાલો, હવે બહાર તો કાઢીએ; એમ કહી ગુરુ બીજા શિષ્યોને સાથે લઈને ઉપમન્યુ જે કૂવામાં પડ્યો હતો ત્યાં આવ્યા. આવીને જ્યારે જોયું ત્યારે 'ગુરુજી...ગુરુજી' એમ તે બોલતો સંભળાયો.

તે સાંભળીને ગુરુ બોલ્યા, "અહીંયાં આવીને કૂવામાં પડ્યો ને ? હવે મને તારો વિશ્વાસ રહ્યો નથી, હાથમાં લાકડી લઈને ફરે છે, છતાં બોલ કૂવામાં કેમ પડ્યો ? તારી ખોટી વાતને અમે માનશું નહીં. તારી બુદ્ધિ જ કપટ ભરેલી છે." આવું આવું કહીને ગુરુએ તેનો ઘણો જ તિરસ્કાર કર્યો, તોપણ ઉપમન્યુએ ગુરુનો દોષ લીધો નહીં. પછી ઉપમન્યુએ હાથ જોડીને ગુરુને કહ્યું, હું કૂવામાં પડ્યો છું, તેમાં મારી જ ભૂલ છે. હવે હું કૂવાનો ખ્યાલ રાખીને ચાલીશ. ગુરુજી ! આપે મને અનુપમ વચન કહ્યાં છે. ગુરુએ આ પ્રમાણે શિષ્યને તાવ્યો-કસોટી કરી, પણ ઉપમન્યુએ લેશમાત્ર પણ ગુરુનો દોષ લીધો નહીં. તેની અતિ ધીરજ જોઈને ગુરુ ગદ્‌ગદ કંઠ થઈ ગયા. પછી તેને કૂવામાંથી બહાર કાઢ્યો અને તેના ઉપર ગુરુએ અપાર હેત કર્યું. ત્યારપછી ગુરુએ ઉપમન્યુને બે અશ્વિનીકુમારની પાસે મોકલ્યો. ગુરુનાં વચને તેણે તે બંને દેવોની સ્તુતિ કરી. બંને દેવોએ તેને દર્શન દીધાં. ચતુર દેવો અત્યંત પ્રસન્ન થયા. સાકરનો એક માલપૂડો લઈને ઉપમન્યુને હેતથી આપ્યો. ત્યારે ઉપમન્યુએ કહ્યું, ગુરુજીને આપ્યા વિના આ સરસ અને અમૃત તુલ્ય માલપૂડાને હું ઝેર જેવો દેખું છે.

दोहा :

गुरुकु अरपे विन गुरु तेहि, अपुप खाये कोउ दिन;<br>
सो बात कहि देव ताहिकु, माने नहीं प्रवीन.<br>
धीरज अति देखी तेहि, गुरु में प्रीत अपार;<br>
देव रिझे ततकाल तब, वचन बोले तेहि वार.

ત્યારે દેવોએ તેને કહ્યું, તારા ગુરુ તો કોઈક દિવસ તેના ગુરુને અર્પણ કર્યા વિના માલપૂડો ખાઈ લેતા, છતાં ચતુર ઉપમન્યુ માન્યો નહીં. દેવો ઉપમન્યુની આવી અપાર ધીરજ અને ગુરુમાં અપાર પ્રીતિ જોઈ તત્કાળ તેના ઉપર રીઝ્યા અને બોલ્યા, હે ધીર ઉપમન્યુ ! તું મહાન ગુરુભક્ત છો. માટે હે વીર ! તું અને તારા ગુરુ બંને હવે વજદંત થાઓ. જે પરમ શ્રેષ્ઠ છે અને અપાર-શાશ્વત છે. જેને મોક્ષ કહેવાય છે તેને તું ચોક્કસ પામીશ. હવે તને સારા નેત્ર પણ પ્રાપ્ત થાઓ. આમ ઉપમન્યુએ બંને અશ્વિનીકુમારો પાસેથી દૃષ્ટિ (આંખો) મેળવી. પછી તરત જ ગુરુને ઘેર આવ્યો. ધીર ઉપમન્યુએ ગુરુનાં ચરણોમાં મસ્તક મૂક્યું અને ખૂબ ખૂબ વંદન કર્યા. ગુરુએ તેને પ્રેમ લાવીને પરમ શ્રેયરૂપ મોક્ષનો વર આપ્યો. જે પરમ શ્રેયરૂપ મોક્ષને મુખથી વર્ણવી શકાતો નથી. વેદ-શાસ્ત્રોમાં જેટલો ધર્મનો પરિવાર કહ્યો છે, તે ધર્મના પરિવારે સહિત ભક્તિભાવ તારામાં સદાય રહો. અને તેમાં તને ક્યારેય કોઈ વિઘ્ન ન થાઓ; આવું ગુરુ ધૌમ્ય ઋષિએ પ્રિય શિષ્ય ઉપમન્યુને વરદાન આપ્યું.

વહાલા ભક્તો ! ઉપમન્યુને પોતાના ગુરુએ ઘણી પ્રકારે તાવ્યો, છતાં પણ ગુરુનો અભાવ લીધો જ નહીં. તેને પોતાના જ દોષ જોયા ને સવળું જ વિચાર્યું, ત્યારે ગુરુની અનંત કરુણા ને પ્રસન્નતાથી અદ્‌ભુત વરદાન પામ્યો. આપણે પણ ગુરુની કૃપા પામવા માટે સદા સવળું જ લઈએ, પોતાના જ દોષો જોઈએ ને ઉપમન્યુની જેમ ગમે તેવી કસણીમાં પણ ગુરુમાં નિર્દોષબુદ્ધિ રાખીએ તો આપણે પણ ગુરુકૃપાથી જરૂર અક્ષરધામના અનાદિમુક્તો જેવી પદવી પામીએ ને અખંડ ભગવાનના અનુભવમાં પહોંચી જઈએ. ●●●



# કર્તૃત્વની કેરી

લેખક : સાધુ સંકીર્તનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



ઉનાળાના આ ધોમધખતા તાપમાં પણ સૌને શાતા અને આનંદ આપે એવું મીઠું મધુરું ફળ એટલે કેરી..! આમ તો કેરીને ફળોનો રાજા કહીએ તોપણ જરાય ખોટું નહીં. માણસ જ્યારે હળવું ભોજન કરવું હોય ત્યારે લગભગ ફ્રૂટ જમે, પણ કેરી ફ્રૂટનો એવો અપવાદ છે જે મિષ્ટાન્નની પણ ગરજ સારે. અરે ! જેની સ્પેશ્યલ રસોઈ પણ થાય. કારણ, કેરી એટલે તમામ પોષકતત્ત્વોથી ભરપૂર અને વળી મધ જેવું મીઠું ફળ.

કેસર, લંગડો, બદામ, હાફૂસ, રાજાપુરી, દશેરી વગેરે વગેરે ઘણા પ્રકારની મીઠી કેરીઓ આજે સમૃદ્ધથી લઈ સામાન્ય કક્ષાના માણસો પ્રેમથી જમતા હોય છે; પણ આ તમામ કેરીઓને ટક્કર મારે અને આ તમામની મીઠાસ જેની આગળ સાવ ફિક્કી લાગે તેવી સર્વોપરી કેરી એટલે ‘કર્તૃત્વની કેરી’.

બીજી બધી કેરીનો રસ ફક્ત ઉનાળામાં માણી શકાય અને એ પણ ફક્ત જમતી વખતે; જ્યારે કર્તૃત્વની કેરીનો રસ માણસ બારેમાસ અને વળી **Any time** માણી શકે. બીજી કેરીનો રસ જીભમાં ચોંટે અને ફક્ત સ્થૂળદેહને પુષ્ટ કરે; જ્યારે કર્તૃત્વની કેરીનો રસ જીવમાં ચોંટે અને કારણદેહને પુષ્ટ કરે. અન્ય કેરીના રસની આસક્તિ કદાચ એક-બે જન્મ લેવડાવે; જ્યારે કર્તૃત્વરસની આસક્તિ યુગોના યુગ સુધી મહારાજની મૂર્તિના મહાઆનંદથી વંચિત રાખે છે.

કદાચ આખી પૃથ્વીમાં એકપણ વાર કેરીનો સ્વાદ ચાખ્યો ન હોય તેવા માણસો હોઈ શકે, પણ કર્તૃત્વની કેરીનો રસ માણવામાં પામર જીવથી લઈ મહાપુરુષ સુધી લગભગ કોઈ બાકાત ન હોઈ શકે. વાસ્તવિક કર્તૃત્વરસના ભોક્તા તો એકમાત્ર પૂર્ણ પુરુષોત્તમનારાયણ જ છે. તેઓ જ સર્વને પ્રકાશી રહ્યા છે. તેમને લઈને જ આપણને આપણા અસ્તિત્વનો બોધ છે. જ્યાં પણ કિંચિત્ કર્તૃત્વ જણાય છે તે સાકાર મૂર્તિ સ્વામિનારાયણ ભગવાનને લઈને જ છે.

વનવિચરણ દરમયાન નીલકંઠવર્ણીએ જયરામદાસ દ્વારા પેલા બાવાઓને ઝેરી ફળ ખાવાની ના પાડી, પણ તે માન્યા નહીં. અને પરમેશ્વરનો વાદ લઈ તે ફળો ખાઈ મરી ગયા; તેમ આપણે પણ અજ્ઞાનવશ થઈ જે રસના ફક્ત પરમેશ્વર જ અધિકારી છે તેને આપ ડહાપણે ભોગવીએ છીએ અને હેરાન થઈએ છીએ. ખરેખર કર્તૃત્વની કેરી આપણા માટે અત્યંત ઝેરી છે પણ આપણે ભૂલીએ છીએ કે,

**માનવ જાણે હું કરું, ને કરતલ બીજો કોય;**
**આદર્યાં અધવચ રહે, ને હરિ કરે સો હોય.**

શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે આપણે કોઈની

પડી વસ્તુ તો લેતા નથી, પણ ભગવાનનું કર્તૃત્વ અત્યંત નિર્લજ્જતાથી માથે ઉપાડી લઈએ છીએ. મહારાજની મૂર્તિનો રસ માણવો હોય તેને કર્તૃત્વરસ છોડવો ફરજિયાત છે. **કર્તૃત્વરસનો સ્વાદ છોડે તે મહાનિઃસ્વાદી જ નહિ પણ અનાદિ મહામુક્ત છે.** અને આવા મહામુક્ત દ્વારા જ ભગવાન પોતાનું સમગ્ર ઐશ્વર્ય વહાવે છે. હાલ પણ આવા પ્રગટ સંતો-ભક્તોમાં ભગવદ્‌કર્તૃત્વનો સ્વીકાર કરી તેમને મન-કર્મ-વચને સોંપાઈને રહીએ તો આપણે પણ તેવા પાત્ર બની જ શકીએ.

ગીતામાં ભગવાને કહ્યું છે કે, કોઈ જીવ કાંઈ કર્યા વિના રહી શકતો નથી. જો આપણે જે કાંઈ કરીએ તે ભગવાન અને તેમના વહાલા સંતો-ભક્તોના રાજીપા માટે કરીએ તો તે ક્રિયાથી અંતઃકરણ શુદ્ધ થતાં ભગવદ્‌પ્રાપ્તિ થાય; પરંતુ રાજીપા માટે કરતાં કરતાં જ્યારે થોડા ગુણો પ્રાપ્ત થાય અને તે ક્રિયામાં માસ્ટરી આવતાં યશની ભૂખ જાગે, તો અહંકાર આવતા કઠણાઈ બેસી જાય. એટલે જ પૂ.ગુરુજી આપણને ઘણી વાર કહે છે,

**યશ લિયા તો ફસ ગયા ઔર**
**યશ દિયા તો તૈર ગયા ।**

એકવાર એક સંત ખૂબ સારી સેવા કરતા. તેથી તેમની પરીક્ષા લેવા માટે પૂ.ગુરુજી ચાહીને તેમને અવારનવાર બિરદાવવા લાગ્યા. 'આ તમે બહુ જ સારું કર્યું... તમને બહુ સરસ આવડે છે...' ક્યારેક અન્યને ઉદ્દેશીને કહે, 'આ સ્વામીનું કામ એટલે કહેવું પડે હો..!' પરંતુ પૂ.ગુરુજીના આવા પ્રશંસાત્મક વાક્યો પૂર્ણ થતાંની સાથે જ તેઓ બોલી ઊઠતા, 'ના.. ના.. હો..! મહારાજ અને પૂ.ગુરુજીની કૃપાથી જ બધું થાય છે, આમાં મારું કાંઈ નથી..!' તેમની યશને નહિ લેવાની આવી સાવધાની જોઈ પૂ.ગુરુજી અંતરથી ખૂબ રાજી થતા અને થોડા દિવસ બાદ એકવાર વાંચનરૂમમાં પૂ.ગુરુજી તે સંતને સંભારીને એવું બોલ્યા કે, 'આ સાધુને આ માર્ગમાં ક્યારેય વિઘ્ન નહિ આવે. કેમ જે, તેઓ નાનો એવો યશ મળે તે પણ તરત બીજા માથે નાખી દે છે.'

કોઈ વખાણે તો સારું લાગે, પોતે કરેલું શ્રેષ્ઠ લાગે, પોતાની કૃતિ મનમાં મમળાવવાની મજા આવે, બીજાના સારા કાર્યની સરાહના ન થઈ શકે, મનમાં થયા કરે કે હું પણ તે કરી શકું, તેનાથી વધુ સારું કરી શકું, મને કેમ નથી સોંપતા, કોઈ પોતાના કાર્યમાં ખોટ કાઢે કે નિંદા કરે તો ભૂલ સમજવાને બદલે તેનો અભાવ આવે વગેરે વગેરે તમામ અહંકારજન્ય પીડાના મૂળમાં કર્તૃત્વરસ જ છે.

ઉનાળામાં કોઈના મોઢા પર ફોડલીઓ નીકળે તો સૌ કહે કે, આણે કેરીઓ વધારે ખાધી હશે; તેમ ઉપર જણાવ્યા તેવા માનજન્ય ભાવો આપણામાં ઊઠવા લાગે ત્યારે સમજવું કે હમણાં કર્તૃત્વરસ ઘણો પીધો છે. જેમ ભાવનગર નરેશે રૂપાભાઈને દારૂ પીવડાવવા ઘણી કોશિશ કરી પણ રૂપાભાઈએ શ્રીહરિની આજ્ઞા ન છોડી; તેમ આપણને પણ કોઈ વખાણરૂપી પ્યાલો લઈ કર્તૃત્વરસ પાવા આવે ત્યારે સાવધાન થઈ છટકી જઈએ અને બધું ભગવાન પર ઢોળી દઈએ તો તેના કેફથી બચી જઈએ. અને જો ગાફલાઈમાં પી લઈએ તો તેનો નશો ચડ્યા વગર રહે જ નહીં. જે જેટલો વધુ પીવે તે તેટલો વધુ ડોલે અને જો વધુ ગાફલ રહે તો બેભાન થઈ મોક્ષમાર્ગમાંથી પડી પણ જાય.

વહાલા ભક્તો ! કર્તૃત્વની કેરીના આ સ્વીટ અને સ્લો પોઇઝનથી બચવા પૂ.ગુરુજીના આ શ્લોક દ્વારા મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરીએ...

**કર્તૃત્વરસમાનૌ મે, ત્વત્પાદેઽર્પયિતું પ્રભો !।**
**હૃદયેન સદેચ્છામિ, તદર્થં દેહિ મે ધિયમ્‌।।**

'હે પ્રભુ ! હું કર્તૃત્વનો રસ અને માનને આપના ચરણે અર્પણ કરવા સદા હૃદયથી ઇચ્છું છું. તે માટે મને કૃપા કરી સદ્‌બુદ્ધિ આપો.'●●●

# પરિસ્થિતિ સાથે સમાધાન...

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

મુંબઇ શહેરમાં આરવના ઘરની બાજુમાં એક મલ્ટિસ્ટોરી ફ્લેટનું બાંધકામ ચાલી રહ્યું હતું. ત્યાં બાંધકામનું કામ કરનાર મજૂરનાં નાનાં-નાનાં છોકરાંઓ રેલગાડી-રેલગાડી રમતાં હતાં. આરવ રોજ સાંજે આ બાળકોને રેલગાડી રમતા જુએ. રોજ એક નવો છોકરો એન્જિન બને અને બાકીનાં બધાં છોકરાંઓ ડબ્બા બને. આમ, એન્જિન અને ડબ્બાનાં છોકરાંઓ રોજ વારાફરતી બદલાયા કરે.

આ તમામ છોકરાંઓ પૈકીનો એક ચડ્ડી પહેરેલ છોકરો રોજ નાનકડું કપડું લઈને ગાર્ડ બનતો. એક દિવસ આરવે તેને પૂછ્યું, “તું રોજ ગાર્ડ બને છે તો તને ક્યારેય એન્જિન કે ડબ્બો બનવાની ઇચ્છા નથી થાતી ?”

નાના બાળકે કીધું, “કાકા, મારી પાસે ઉપર પહેરવા માટે શર્ટ નથી, એટલે મારી પાછળનો છોકરો મને કઈ રીતે પકડે ? એટલે મારી પાછળ કોણ ઊભો રહે ? એટલે હું રોજ ગાર્ડ બનું છું.” આ બોલતી વખતે તેની આંખોમાં પાણી આવી ગયાં.

થોડીવાર બાદ તરત જ તે બાળકે કહ્યું, “કાકા કાકા, ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી. કારણ કે, ભલે ને કોઈ પણ છોકરો એન્જિન બન્યો હોય, પરંતુ જ્યાં સુધી હું તેને ગાડી ઉપાડવા માટેની લીલી સાઇન ન આપું ત્યાં સુધી તે ગાડી ઉપાડી ન શકે, માટે મને ખૂબ આનંદ છે.”

આ બાળક પોતાનાં મા-બાપ પાસે શર્ટ લેવા માટે જીદ કરી શકત, રડી પણ શકત; પરંતુ તેણે પરિસ્થિતિ સાથે સમાધાન કરી લીધું.

હરકોઈ વ્યક્તિનું જીવન ક્યારેય પરિપૂર્ણ હોતું નથી. તેમાં કાંઈક ને કાંઈક ત્રુટી તો રહેવાની જ; પરંતુ આપણે કઈ બાબતથી ચિંતિત રહીએ છીએ ? તે તપાસવું જોઈએ. શું આપણે આવી બાબતોથી ચિંતિત રહીએ છીએ..?

**૧. આપણા મિત્રએ બીજો નવો ફ્લેટ લીધો હોય અને આપણી પાસે ન હોય તે માટે...**

**૨. આપણને સંતોએ ન બોલાવ્યા તે માટે...**

**૩. આપણને સંતોની નજીક સેવા ન આપી તેથી...**

**૪. આપણા મિત્રને પૂ.ગુરુજી ઓળખે છે, આપણને નહિ તે માટે....**

ચકલી ક્યારેય સમડીની ઊંચાઇ જોઈને ડિપ્રેશનમાં નથી આવતી, પરંતુ એક માણસ બીજા માણસની ઊંચાઇ જોઈને ચિંતા કરવા લાગે છે. પરિસ્થિતિ ક્યારેય સમસ્યા નથી બનતી, પરંતુ સમસ્યા એટલા માટે બને છે કે આપણે પરિસ્થિતિ સામે લડવા માંગતા નથી.

માટે જ પૂ.ગુરુજી કહે છે ને....

**પોઝિટિવ સુખી રહે છે, નેગેટિવ દુઃખી થાય;**
**જ્ઞાન પોઝિટિવ રહેજો, રહેશો સુખી સદાય.**

વહાલા ભક્તો, મહારાજે આપણને બહુ જ સારું આપ્યું છે. સર્વાંગે સંપૂર્ણ મનુષ્યદેહ આપ્યો છે, સારા સંતો-ભક્તો આપ્યા છે કે, જેઓ ભગવાનને પામવાના તાનવાળા છે, અનુભવી છે. તેમનો સારો સંગ મળ્યો છે. આપણી પાસે એવું ઘણું છે કે, જે બીજા પાસે નથી.

હે વહાલા મહારાજ ! અમને એવું જ પ્રકાશજો કે અમે હરેક પરિસ્થિતિમાં, હરેક વ્યક્તિમાં, વસ્તુ-પદાર્થમાં પોઝિટિવ દૃષ્ટિકોણ જ રાખીએ કે જે, અમને હતાશ ન કરે, મૂંઝવણમાં ન નાખે, ટેન્શન આવવા ન દે અને હંમેશાં સવળા જ વિચારો કરાવે; કે જે વિચારો ગ્રહણ કરીને અમે આપની, આપના વહાલા સંતો-ભક્તોની કરુણા વિચારી સુખમય અને આનંદમય જીવન જીવી શકીએ; એવી આપનાં ચરણોમાં પ્રાર્થના...



અ.નિ.પ.પૂ.શ્રીભજનપ્રકાશદાસજી સ્વામીની
૨૦મી પુણ્યસ્મૃતિ નિમિત્તે કોટી કોટી વંદન...



# ભાવવંદના...



અ.નિ.પ.પૂ.શ્રીઅચલસ્વરૂપદાસજી સ્વામીની
તૃતીય પુણ્યસ્મૃતિ નિમિત્તે કોટી કોટી વંદન...

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : પ.પૂ.શાસ્ત્રી શ્રીભક્તિકિશોરદાસજી સ્વામી-સાવદા (મહારાષ્ટ્ર)



વડતાલ દેશના સંત પ.પૂ.શાસ્ત્રી શ્રીભક્તિકિશોરદાસજી સ્વામી (સાવદા-મહારાષ્ટ્ર) ગુરુ પ.પૂ. સદ્.શાસ્ત્રી શ્રીધર્મપ્રસાદદાસજી સ્વામી (વડતાલ-ખાનદેશી) તા.૨૮/૦૬/૨૦૨૪ના રોજ ૪૨ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. પૂ.સ્વામીએ વડતાલ દેશના ઘરેણા સમાન વિદ્વત્તવર્ય પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી-ગાંધીનગર પાસે ૧૦ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કર્યો હતો. તેઓ અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા. તેમણે સંસ્કૃતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમણે શ્રીમત્ સત્સંગી જીવન, વચનામૃત, શિક્ષાપત્રી, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, શ્રીહરિગીતા, કીર્તન માધુરી, સ્તોત્રરત્નાવલી વગેરે ગ્રંથોનો મરાઠી ભાષામાં અનુવાદ કર્યો છે. વળી, કુંડળધામથી પ્રકાશિત વાલપનાં વેણ પુસ્તકનું મરાઠીભાષામાં અનુવાદ કરી તેમણે મહારાષ્ટ્રના ભક્તોને ખૂબ લાભ અપાવ્યો હતો. તેઓ હાલ વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવમાં પ્રકાશિત થનાર 'શ્રીમત્ સત્સંગિજીવન' ગ્રંથનું હિન્દી ભાષામાં અનુવાદ કરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા હતા.

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, સાવદા-મહારાષ્ટ્ર દ્વારા સત્સંગની અભિવૃદ્ધિ થાય એ માટે તેમણે ખાનદેશ પ્રાંતમાં વિવિધ કથા-પારાયણ કરી ગામડે ગામડે ફરી આબાલ-વૃદ્ધ સૌને લાભાન્વિત કર્યા હતા. શ્રીસ્વામિનારાયણ મંદિર-સાવદામાં તેઓ કોઠારી પદે રહીને મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય કરાવી રહ્યા હતા. તા.૨૮/૦૬/૨૦૨૪ના રોજ કામ પ્રસંગે ભુસાવળ તરફ જતા રસ્તામાં હાર્ટએટેક આવતા તેઓ અચાનક આ નશ્વર દેહનો ત્યાગ કરી અક્ષરવાસી થયા છે. પૂ.સ્વામીની આમ અચાનક વિદાયથી ખાનદેશ સત્સંગ સમાજને બહુ મોટી ખોટ પડી છે. તા.૨૯/૦૬/૨૦૨૪ના રોજ વડતાલધામ મુકામે તેમની અંતિમવિધિનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે પૂ.ગુરુજીએ વડતાલધામ પધારી તેમને શ્રદ્ધાંસુમન અર્પણ કર્યા હતા. શ્રીજીમહારાજ શા.શ્રીભક્તિકિશોરદાસજી સ્વામીને પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે એવી પ્રાર્થના....

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીપ્રભુદાસભાઈ નારાયણભાઈ પટેલ-વડોદરા



મૂળગામ વણાદરા અને હાલ વડોદરામાં રહેતા પ.ભ.શ્રીપ્રભુદાસભાઈ નારાયણભાઈ પટેલ તા.૨૯/૦૬/૨૦૨૪ના રોજ ૬૫ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયા છે.

પ્રભુદાસભાઈએ નાનપણથી જ વડતાલ-જ્ઞાનબાગના પાર્ષદવર્ય પૂ.કાનજી ભગતને ગુરુ તરીકે સ્વીકારી ખૂબ સેવા, સત્સંગ, ભજન, સમાગમ કરી તેમનો રાજીપો રળી લીધો હતો. ત્યારબાદ તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી પૂ.ગુરુજીને ગુરુ તરીકે સ્વીકારી દિલથી જોડાયા હતા. પૂ.ગુરુજી અને પૂ.સંતોમાં તેમને ખૂબ સ્નેહ, પ્રેમભાવ અને આત્મબુદ્ધિ હતી. તેઓ હંમેશાં મહારાજ અને સંતોની આજ્ઞામાં રહીને ધર્મ-નિયમ પરાયણ રહેતા. તેઓનો સ્વભાવ સરળ, શાંત અને હસમુખો હતો. તેઓ માન-સન્માન, અભાવ-અવગુણ અને રાગ-દ્વેષથી પર જીવન જીવતા અને વર્ષોથી અખંડસ્મરણ, ભજનનું તેમનું અંગ હતું. વ્યર્થ સમય ક્યારેય બગાડતા નહીં. છેલ્લા ત્રણ વર્ષથી કારેલીબાગ મંદિરમાં ખૂબ સારી સેવા કરતા હતા.

તેમને પોતાના દીકરાઓ રિતેશભાઈ અને ડો.દિવ્યેશભાઈ પટેલને સત્સંગ અને સંસ્કારોની મૂડી આપીને સારું ઘડતર કર્યું છે, જેથી તેમનો આખો પરિવાર મંદિર અને સત્સંગની નિષ્ઠાપૂર્વક, મહિમાપૂર્વક સેવા કરી રહ્યો છે. આવા પ્રભુદાસભાઈનાં સેવા, સમર્પણ, ભજન, સંતો-ભક્તોનો મહિમા વગેરે સદ્ગુણોથી પ્રસન્ન થઈને વહાલા મહારાજે તેમને પોતાની દિવ્ય અનુભૂતિ કરાવી પોતાના ધામમાં પોતાની મૂર્તિના મહાસુખે સુખિયા કર્યા છે. આવા પ.ભ.પ્રભુદાસભાઈના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની સેવામાં કાયમ રાખે તથા પરિવારજનોને તેમનો વિયોગ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના...

વિડિયો દર્શન માટે મહારાજના ચરણ પર ક્લિક કરો...

INDEX

## ચંદનના વાઘામાં શોભતા પૂ. ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ












# ચંદનના વાઘામાં શોભતા પૂ. ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ



## ચંદનના વાઘામાં શોભતા પૂ. ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ



## ચંદનના વાઘામાં શોભતા પૂ.ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ






















INDEX

## ચંદનના વાઘામાં શોભતા પૂ.ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ



**ભજનનું ફોર્મ ભરવા માટે ક્લિક કરો...**

ભજન કરવાનો અનેરો અવસર...



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ આયોજિત

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

# ચાતુર્માસ દરમ્યાન ભજનભેટ-૨



**: પ્રારંભ :**
તા. ૧૭ જુલાઈ, ૨૦૨૪
અષાઢ સુદ-૧૧, સં.૨૦૮૦

**: પૂર્ણાહુતિ :**
તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૪
કારતક સુદ-૧૧, સં.૨૦૮૧

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

